Prof.R.B.Vaghela

Department of History

# સિંધુ ખીણની સંસ્કૃતિ (હડપ્પીય સંસ્કૃતિ)

- "તેમની અદ્યભૂત ગટરયોજના ને લીધે સિંધુના લોકો તો ગર્વ કરતાં જ હશે, આપણે પણ તેને માટે ગર્વની લાગણી અનુભવી શકીએ છીએ."

જહોન માર્શલ

## પ્રસ્તાવના:-

ઇ.સ. ૧૯૨૦-૨૧ માં શ્રી રખલદાસ બેનરજી નામના પુરાતત્વવીદે સિંઘના એક વેરાન પ્રદેશમાં આવેલા પુરાતન બૌધ્ધસ્તુપના સંશોઘન અર્થૅ ખોદકાકામ કરતા “સિંઘુ ખીણ સંસ્કૃતિ” ની શોઘ કરી અને આ સંસ્કૃતિ ને જગતની પ્રાચીન સંસ્કૃતિઓ જેવી મિશર,બેબીલોન,સુમેર ની સંસ્કૃતિઓમાં સ્થાન મેળવ્યુ.

## (૧) નામાભિધાન :-

સિંધુ નદી અને તેની શાખા-પ્રશાખા ઓના જ પ્રદેશમાંથી આ સંસ્કૃતિનાં ઘના ખરા અવશેષો મેળવ્યા છે. તેથી તેને “સિંધુખીણ ની સંસ્કૃતિ” કહેવામાં આવે છે.


Indus Valley
Bo Lane
Bryce Hogan
Sam Flexner
Alicia Micheletti

## (૨) ખોદકામનો ઈતિહાસ :-

ઈ.સ. ૧૮૫૬ માં પંજાબમાં રેલ્વે નાખતી વખતે તેના ખોદકામ દરમ્યાન જનરલ “કનિંગહામે”હડપ્પાનાં ખંડેરોની શોધ કરી ત્યાર બાદ સર જહોન માર્શલે ખોદકામ કરાવ્યુ. બીજા મહત્વનાં કેન્દ્ર “મોહે-જો-દડો” ની શોધ ૧૯૨૧-૧૯૨૨ માં રખલદાસ બેનરજીએ કરી હતી.

# (૩) વિસ્તારપટ અને સમયઃ-

આ સંસ્કૃતિનાં મોટાભાગના અવશેષો સિંધુનદી અને તેની શાખાઓનાં જ પ્રદેશોમાંથી મળી આવ્યા છે. હડપ્પા અને મોહ-જો-દડો આજે પાકિસ્તાનમાં છે. મોહે-જો-દડો ઉપરાંત બલુચીસ્તાન,પૂર્વ પંજાબ,રાજસ્થાન અને ગંગાતર પ્રદેશ સુધી તેનો વિસ્તાર થયો. સૌરાષ્ટ્રમાં રંગપુર,ગોડંલ પાસે રોઝડી તથા ધોળકા પાસે લોથલ સુધી પણ આ સંસ્કૃતિ વિસ્તરેલી છે. સમય વિશે વિદ્વવાનોમાં મતભેદો છે. ડો.આર.કે.મુકરજી ના મતે તેનો સમય ઈ.સ. પૂર્વે ૩૨૫૦ થી૨૭૫૦ છતાં ગમે તે પણ તેનો સમય ઈ.સ.પૂર્વે ૩૦૦૦ નો બધા વિદ્વવાનો માને છે.

## (૪) નગરરચના (નગરઆયોજન):-

આ સંસ્કૃતિનું સૌથી મહત્વનું અંગ તેની પૂર્વ આયોજીત અને વ્યવસ્થિત નગરરચના છે.

## (૫) રસ્તાઓ:-

નગરની વચ્ચે બે મોટા માર્ગ પસાર થાય છે. ૅક પૂર્વથી પશ્ચિમ અને બીજો ઉતરથી દક્ષિણ બંન્ને માર્ગ સીધી લીટીમાં જાય છે.

રસ્તાઓ ઉપરાંત અહી મુખ્ય માર્ગોને સમાંતર શેરીઓ અને ગલીઓ આવેલી છે. શેરીઓ ૧૨થી૧૫ ફુટ પહોળી અને ગલીઓ ૯થી૧૨ ફુટ પહોળી છે. ગલીઓના નામ ઊંચીગલી,નીચીગલી,વાંકીગલી,મડદાગલી જેવા નામો છે.



## (૬) ભૂગૅભગટરયોજના:-

સમ્રગ શહેરમાંથી ગંદુપાણી અને કચરાના નિકાલ માટે દરેક નાના-મોટા લતામાં મોરી અને ગટરની યોજના હતી.દરેક રસ્તાની તેમજ નાના રસ્તાની એકાદ મોરી તો ખરીજ મોરીની ઊંડાઇ ૨૪ ઇચ જેટલી અને પહોળાઇ ૧૮ઇચ થી ૯ ઇચ છે. દરેક મકાન માં એક ખાદકૂવો હતો, તેમાંથી ગંદુપાણી અને કચરો નાની ગટરો દ્વવારા માટી ગટરામાં આપો આપ વહી જાય.



(૭)મકાનો:-મોહે-જો-દડોમાંથી મકાનોના અવશેષો મેળવ્યા છે.

બી.જે.ગોખેલે તેના ત્રણ ભાગ પાડે છે.

અ) નિવાસ્થાનો

બ) જાહેરમકાનો

ક) મહાસ્નાનાગર

અ)નિવાસ્થાનો:- દરેક મકાનમાં એક કૂવો,બાથરૂમ,મોરી,રસોડુ તથા કોઠાર હતા.કેટલાક મકાનોમાં જાજરૂ ની સગવડ હતી. મકાનોનું છાપરૂ સપાટ રાખવામાં આવતુ હતુ.

બ)જાહેરમકાનો:-સાદા મકાનો ઉપરાંત જાહેર અને મોટા મકાનોના અવશેષો પણ મળી આવ્યા છે. માર્ગની ઉતરે એક વિશાળ મકાનોનાં અવશેષો મળી આવ્યા છે.જેની લંબાઇ ૨૪૨ ફુટ અને પહોળાઇ ૧૧૨ ફુટ હતી.



ક)મહાસ્નાનાગરઃ- મોહે-જો-દડો માંથી એક વિશાળ સ્નાનાગરનું મકાન આવેલુ છે. જે ૧૮૦ ફુટ લાંબુ અને ૧૦૮ ફુટ પહોળુ છે.તેની વચ્ચે પાકી ઈંટોના સ્નાનકૂળ છે. તેમાં ઉતરવા માટે પગથિયા ની રચના કરેલ છે.છોકરાઓ તેમાં સ્નાન કરી શકતા હતા.લોકોમાં સ્નાનનું મહત્વ હતું.


edewcate

## (૮) મીઠા પાણીની વ્યવસ્થા:-

નગરમાં દરરોજનાં ઉપયોગ ના પાણી માટે કૂવાઓની વ્યવસ્થા હતી. મોહે-જો-દડો અને હડપ્પામાંથી અનેક કૂવાઓ મળી આવ્યા છે.કૂવાઓના છેડે દોરડાના નિશાન આજે પણ દેખાય છે.



## (૯) કિલ્લો:-

નગરોની ચારે તરફ ૩૦ ફુટ જાડી,પાકી ઈંટની મજબૂત દિવાલો મળી છે. નગર રક્ષણ માટેનો આ કિલ્લો હોઈ શકે.


Reconstruction of the Lower Town

## (૧૦) મોટાકોઠારોઃ-

સ્નાનાગરની નૈઋત્ય દિશાએ વિશાળ કોઠારોનાં અવશેષો મળવ્યા છે. જે ૧૬૯ ફુટ પહોળા છે. પ્રાચીન સમયમાં અનાજ મહેસૂલ પેટે લેવાતુ ત્યારે રાજયમાં આવા મોટા કોઠારો રખવામાંઆવતાં હતા.